# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-09-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફીક સમા** વાંચે છે.

---

## બ્રિક્સ સમિટ 2026

પ્રધાનમંત્રી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલા બ્રિક્સ સમિટ 2026ના પહેલા દિવસે, બ્રિક્સ દેશોએ સર્વાનુમતે નવી દિલ્હી ઘોષણાપત્રને સ્વીકાર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમિટના પહેલા દિવસના અંતે આ ઘોષણાપત્રને અપનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમના સમાપન ભાષણમાં, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આજે અપનાવવામાં આવેલ નવી દિલ્હી ઘોષણાપત્ર સભ્ય દેશોના સહિયારા સંકલ્પને સ્પષ્ટ દિશા પ્રદાન કરે છે.

શ્રી મોદીએ કહ્યું કે નેતાઓએ એના પર પણ ભાર મૂક્યો કે ગ્લોબલ સાઉથના દેશોએ ભવિષ્યની ટેકનોલોજી અને તેમને સંચાલિત કરતા નિયમોના વિકાસમાં સમાન ભાગીદારી રાખવી જોઈએ. બ્રિક્સના 20 વર્ષ પૂર્ણ થયાની ઉજવણી માટે, સભ્ય દેશોના નેતાઓ દ્વારા આ પ્રસંગે બે સ્મારક ટપાલ ટિકિટો પણ બહાર પાડવામાં આવી હતી.

--------------------------------------------------------------------------------

## કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી : કચ્છ મુલાકાત

કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ આજથી બે દિવસીય કચ્છ જિલ્લાના મુલાકાત દરમિયાન તેઓ પર્યાવરણ, વન્યજીવ સંરક્ષણ

અને દરિયાઈ પરિસ્થિતિ અંગે વિવિધ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને સમીક્ષા કરશે.

પ્રવાસના પ્રથમ દિવસે આજે તેઓ ભુજમાં યોજાનાર વિશેષ કાર્યક્રમમાં મેન્ગ્રુવ કન્ઝર્વેશન પર વર્કશોપનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે તેઓ 'કોફી ટેબલ બુક', 'મેન્યુલ એટલાસ ઓફ ગુજરાત'નું વિમોચન અને MGIS પોર્ટલ'નું લોકાર્પણ કરશે. આ ઉપરાંત. તેઓ વન્યજીવ તથા દરિયાઈ પર્યાવરણ સંરક્ષણ, ઘોરાડ અને ચિત્તા પ્રોજેક્ટ તેમજ ઘાસ સુધારણા અંગે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજશે.

બીજા દિવસે, આવતીકાલે સવારે ૦૭:૩૦ કલાકે નલિયા ગ્રાસલેન્ડ ખાતે તેઓ જી.આઈ.બી. સોફ્ટ રીલીઝ સેન્ટરનું ઉદ્ઘાટન અને 'સાંયરા વન કવચ'નું લોકાર્પણ કરશે. અહીં તેઓ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડના સંરક્ષણ અને પુનઃસ્થાપનની કામગીરીનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ તેઓ જખૌ મેન્ગુવ નર્સરી અને સીવીડ સીડ બેંકની મુલાકાત લેશે.

-----------------------------------------------------------------------------------

## <u>દરિયાકાંઠાની પર્યાવરણ સુરક્ષા અને ટકાઉપણા: પરિષદ</u>

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે “દરિયાકાંઠાની પર્યાવરણ સુરક્ષા અને ટકાઉપણા” અંગેની પરિષદના સમાપન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી પટેલ ગુજરાત યુનિવર્સિટીના અમૂલ્ય અને દુર્લભ પુસ્તકોના જ્ઞાનસંગ્રહને ડિજિટલ સ્વરૂપે સંશોધકો, વિદ્યાર્થીઓ અને જ્ઞાનપ્રેમીઓ સુધી પહોંચાડતી મહત્વપૂર્ણ પહેલ “અ કલેક્શન ઓફ રેર બૂક્સ” અને વિશ્વભરમાં વસતા ગુજરાત યુનિવર્સિટીના Alumni એટલે કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એક મંચ પર જોડીને જ્ઞાન, માર્ગદર્શન, મેન્ટરશિપ, સંશોધન, રોજગાર, ઉદ્યોગ અને સંસ્થાકીય

સહયોગ માટે નવી તકનું સર્જન કરતી ડિજિટલ પહેલ "ગુજરાત યુનિવર્સિટી એલ્યુમની પ્લેટફોર્મ"નો પ્રારંભ કરાવ્યો હતો.

---------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય લોક અદાલત

ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તથા રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના મુખ્ય સંરક્ષકના માર્ગદર્શન હેઠળ અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ મહિડા દિલીપ પી. ના માર્ગદર્શનમાં ગઈકાલે જીલ્લાનીની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું હતું. જેમાં કુલ 10,491 કેસોનો નિકાલ કરાયો હતો અને વિવિધ કેસોમાં કુલ રૂ. 26.65 કરોડના ચુકાદા અપાયા હતા.

દરમિયાન જિલ્લામાં કુલ 5,751 પ્રી-લિટીગેશન કેસોનો નિકાલ કરાયો હતો. ઉપરાંત સમાધાનલાયક 1,170 કેસોનો સમાધાન લાવવામાં આવ્યો હતો.જયારે સ્પેશિયલ મેજિસ્ટ્રીયલ સિટિંગમાં 3,570 કેસોનો નિકાલ થયો હતો.

ફેમિલી કોર્ટોમાં રજૂ થયેલા 219 કેસોમાંથી 148 કેસોનો સમાધાનના આધારે નિકાલ કરાયો હતો. ફેમિલી કોર્ટોમાં ચાલી રહેલા વિવિધ વૈવાહિક વિવાદોમાંથી 11 દંપતીઓ વચ્ચે સમાધાન થયું હતું.

---------------------------------------------------------------------------------

## ક્રિકેટ

એશિયા કપ મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ ના ફાઇનલ રાઉન્ડ માં આજે ભારતીય મહિલા ટીમ નો મુકાબલો શ્રીલંકા ની ટીમ સાથે થશે આ મેચ દુબઇ ખાતે આજે ભારતીય

સમય મુજબ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે ભારતીય ટીમે બંગલા દેશ ને 40 રનથી જ્યારે શ્રીલંકાની ટીમે પાકિસ્તાન ને 4 વિકેટે હરાવી અંતિમ જંગ માં પ્રવેશ કર્યો છે

બીજી તરફ ભારત અને અફઘાનિસ્તાન ની પુરુષ ટીમ વચ્ચેની ત્રણ ટી 20 મેચની શ્રેણી આજથી શરૂ થાય છે આજે પ્રથમ ટી 20 મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ પર સાંજે સાત વાગ્યે શરૂ થાશે.

---

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ નોંધાયેલા તમામ ખેડૂત લાભાર્થીઓએ આગામી હપ્તાની ચૂકવણી પહેલા દર વર્ષે બાયોમેટ્રિક ઇ-કેવાયસી ફરજિયાત કરાવવું પડશે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને સમયસર સહાય મળી રહે તે માટે હવે લાભાર્થીઓએ દરેક નાણાકીય વર્ષના પહેલા હપ્તાના રિલીઝ પહેલા નિયત ઇ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે તેમ, કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું.

31 માર્ચ 2026 પછી જે લાભાર્થીઓએ ઇ-કેવાયસી નથી કરાવ્યું, પરંતુ પૉર્ટલ પરના સ્ટેટસમાં ઇ-કેવાયસી – યસ દર્શાવે છે. તે લાભાર્થીઓએ પણ યોજના હેઠળ અવિરત સહાય મેળવવા નવેસરથી ઇ-કેવાયસી કરાવવું પડશે.

---